©

Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-06-2014

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LIII ] MONDAY, 11th MARCH, 2013/PHALGUNA 20, 1934 [No. 22**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

**PART-II** **EXTRAORDINARY**

**જાહેર નોટિસ**

**એકટ, ૧૯૭૬ ની કલમ ૯૯ તથા રૂલ્સ, ૧૯૭૯ ના રૂલ્સ ૫૦ હેઠળ વિકાસ ચાર્જ**

**ધોલેરા સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, ગાંધીનગર (ડીએસઆઈઆરડીએ)**

**ધ ગુજરાત સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયન એકટ-૨૦૦૯**

**ધ ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ-૧૯૭૬**

**ધ ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ રૂલ્સ-૧૯૭૯**

**<u>અધિસુચન</u>**

નં. ધોલેરા/વિ.ચા./ક-૯૯-૧૦૦/ટિક/૩૧૧/૨૦૧૩/૬૪૧.-ધોલેરા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, ગાંધીનગર (હવે પછી ધોલેરા ઓથોરીટી તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) દ્વારા તૈયાર કરાયેલી તેમના હકુમત હેઠળની મુસદ્દારૂપ વિકાસ યોજનાને, ધ ગુજરાત સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન એકટ, ૨૦૦૯ ની કલમ ૧૭(૨) તેમજ ધ ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ-૧૯૭૬ ની કલમ ૧૭(૧) હેઠળ (હવે પછી અનુક્રમે એકટ ૨૦૦૯ અને એકટ ૧૯૭૬ તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) એપેક્ષ ઓથોરીટી (જીઆઈડીબી) દ્વારા તા.૧૦/૦૯/૨૦૧૨ ના અધિસુચના ક્રમાંક એસઆઈઆરએએ/૦૧/૨૦૧૨/૫૨૫ થી મંજુર કરાયેલ છે. આ મંજુર થયેલી આખરી વિકાસ યોજના તા.૧૦/૦૯/૨૦૧૨ થી હાલ અમલમાં છે.

ધોલેરા ઓથોરીટીની આખરી વિકાસ યોજના મંજુર થઈને અમલમાં આવ્યાથી એકટ ૨૦૦૯ ની કલમ ૧૬ ની જોગવાઈઓ હેઠળ ધોલેરા ઓથોરીટીની, પરવાનગી વગર, કોઈ વ્યકિત કે ઘટક, બાંધકામ વિગેરે કરી શકે નહિં. એકટ ૨૦૦૯ ની કલમ ૧૬(૪) અને એકટ ૧૯૭૬ ની કલમ ૨૯(૧) હેઠળ ધોલેરા ઓથોરીટી દ્વારા શરતી અથવા બીનશરતી અથવા ખાસ હુકમને આધીન વિકાસ પરવાનગી આપી શકશે કે પરવાનગી આપવાની ના પાડી શકશે. એકટ ૧૯૭૬ ની કલમ ૨૭ હેઠળ વિકાસ પરવાનગી આપવા માટે ધોલેરા ઓથોરીટી દ્વારા અરજદારશ્રી પાસેથી મંજુર થયેલા જીડીસીઆરના પ્રકરણ નં. ૨ ની વિગતે ઠરાવેલ નમુનામાં દસ્તાવેજો / વિગતો સાથે વિકાસ ચાર્જ અને ચકાસણી ફી વસુલવાની થાય છે. તેથી હવે એકટ ૨૦૦૯ ની કલમ ૧૭(૧) અને એકટ ૧૯૭૬ ની કલમ ૯૯ તથા ધ ગુજરાત ટાઉન પ્લાનીંગ અને અર્બન ડેવલપમેન્ટ રૂલ્સ, ૧૯૭૯ ના રૂલ ૫૦ ની (હવે પછી રૂલ્સ ૧૯૭૯ તરીકે ઉલ્લેખ કરાયેલ છે.) જોગવાઈઓ હેઠળ ધોલેરા ઓથોરીટી આથી જાહેર નોટીસ આપે છે કે, ધોલેરા ઓથોરીટીની મંજુર અમલી વિકાસ યોજનાના વિસ્તારમાં કોઈપણ વ્યકિત કે <u>ઘટક બાંધકામ કરવા ઈચ્છશે તો વિકાસ પરવાનગી મેળવવા માટે આ અધિસુચનામાં નીચે દર્શાવ્યા મુજબ વિકાસ ચાર્જ ભરવો જરૂરી છે.</u>

**એકટ ૧૯૭૬ ની કલમ ૯૯ અને ૧૦૦ હેઠળ ધોલેરા ઓથોરીટી દ્વારા નકકી કરાયેલા સુચિત વિકાસ દર.**

<table>
<tr><th>અ. નં.</th><th>ઉપયોગ / ઝોન</th><th>ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં. ૧ થી ૬ નો વિસ્તાર</th><th>ખેતી, સીઆરઝેડ અને ટી.પી. સ્કીમ સિવાયનો તમામ વિસ્તાર</th><th>ખેતી, સીઆરઝેડ વિસ્તાર</th><th>નોંધ</th></tr>
<tr><td colspan="5">જમીન માટે રૂા. પ્રતિ હેકટર (રૂા. પ્રતિ ચો.મી.)</td><td rowspan="8">૧. ધોલેરા ઓથોરીટી વિસ્તારમાં એકસપ્રેસ હાઇવે, મોટા માર્ગો, રેલ્વે, પાણીની લાઇન, મોટા બગીચાઓ, ભૂર્ગભ ગટર લાઇન, ગેસ લાઇન, ઇલેકટ્રીક લાઇન, ટેલિફોન લાઇન, વરસાદી પાણીના નિકાલની ગટર વિગેરે આ બધી સુવિધાઓની જાળવણી માટે ઓથોરીટી દ્વારા વિકાસ દર વસુલ કરવાનો થાય છે.<br><br>૨. વિકાસ દરના પાયાના સિધ્ધાંતમાં જે વિસ્તારનો વિકાસ કરતી વખતે તેના આંતરમાળખાકીય સવલતો પુરી પાડવાની / કરવામાં આવનાર થયેલ કુલ અંદાજિત ખર્ચ / કિંમતનો દરેક મિલ્કત ધારકે સપ્રમાણ ફાળો ભોગવવા માટે વસુલ કરવાની થતી કિંમત તે વિકાસ દર તરીકે ઓળખવામાં આવે છે.<br><br>૩. વિકાસ પરવાનગી આપતી વખતે દરેક મિલ્કતો ઉપર વિકાસ દર વસુલ કરવાનો રહે છે. જે જમીનનું કુલ ક્ષેત્રફળ અને બાંધકામના કુલ ક્ષેત્રફળ એમ બંને રીતે વસુલ કરવાનો થાય.</td></tr>
<tr><td>૧</td><td>રહેણાંક</td><td>૪૦,૦૦૦<br>(૪.૦૦)</td><td>૩૫,૦૦૦<br>(૩.૫૦)</td><td>૨૫,૦૦૦<br>(૨.૫૦)</td></tr>
<tr><td>૨</td><td>સીટી સેન્ટર<br>હાઇ એકસેસ કોરીડોર<br>નોલેજ એન્ડ આઇ.ટી.<br>ઔદ્યોગિક<br>લોજીસ્ટ્રીકસ<br>પબ્લીક ફેસીલીટી</td><td>૫૦,૦૦૦<br>(૫.૦૦)</td><td>૪૦,૦૦૦<br>(૪.૦૦)</td><td>૩૦,૦૦૦<br>(૩.૦૦)</td></tr>
<tr><td>૩</td><td>અન્ય.<br>(ઉપરોકત અ.નં. ૧ અને ૨ સિવાય તમામ)</td><td>૩૫,૦૦૦<br>(૩.૫૦)</td><td>૩૦,૦૦૦<br>(૩.૦૦)</td><td>૨૦,૦૦૦<br>(૨.૦૦)</td></tr>
<tr><td colspan="5">બાંધકામ માટે રૂા. પ્રતિ ચો.મી.</td></tr>
<tr><td>૧</td><td>રહેણાંક</td><td>૧૨</td><td>૧૦</td><td>૮</td></tr>
<tr><td>૨</td><td>સીટી સેન્ટર<br>હાઇ એકસેસ કોરીડોર<br>નોલેજ એન્ડ આઇ.ટી.<br>ઔદ્યોગિક<br>લોજીસ્ટ્રીકસ<br>પબ્લીક ફેસીલીટી</td><td>૧૫</td><td>૧૨</td><td>૧૦</td></tr>
<tr><td>૩</td><td>અન્ય.<br>(ઉપરોકત અ.નં. ૧ અને ૨ સિવાય તમામ)</td><td>૧૦</td><td>૮</td><td>૬</td></tr>
</table>

જેથી આ અધિસુચના / જાહેર નોટિસ સરકારી અસાધારણ રાજયપત્રમાં ભાગ-૨ માં તા.૧૧/૦૩/૨૦૧૩ ના રોજ પ્રસિધ્ધિની તારીખથી ૩ માસની અંદર વિકાસ ચાર્જ લેવા માટેની દરખાસ્તના મુસદ્દામાં દર્શાવેલ વિકાસ ચાર્જ સંબંધમાં કોઇ વ્યકિત કે સંસ્થા પાસેથી લેખિત વાંધા, સુચનો અને રજુઆતો મળ્યે અને સંબંધિત વ્યકિત દ્વારા વિનંતી કરવામાં આવશે તો ધોલેરા ઓથોરીટી વ્યકિતગત રીતે સાંભળશે અને વિચારણામાં લેશે અને યોગ્ય લાગે તે પ્રમાણે ગુણવતાના ધોરણે કરવા ધારેલા સુચિત ફેરફારો અંગે યોગ્ય નિર્ણય લેશે. સરકારી અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ થયેલ વિકાસ ચાર્જ લેવા માટેની દરખાસ્તોનો મુસદા અંગેની જાહેર નોટિસ અને નકશાઓ નીચેના સરનામે ધોલેરા સતામંડળની ગાંધીનગર મુકામે મુખ્ય કચેરીમાં, ધોલેરા મુકામે પેટા કચેરીમાં અને ધોલેરા ઓથોરીટી વિસ્તારમાં જાણીતી જગ્યામાં ચોંટાડવામાં આવશે. તેમજ કચેરીના સમય દરમિયાન કામકાજના દિવસોમાં જાહેર જનતાને જોવા માટે ખુલ્લી રાખી સમજાવવાની વ્યવસ્થા કરેલ છે. જેનો સર્વે લાગતા-વળગતાઓએ નોંધ લેવી.

**<u>મુખ્ય કચેરી ગાંધીનગરનું સરનામું</u>**
મુખ્ય કારોબારી અધિકારીશ્રી,
ધોલેરા સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, ગાંધીનગર
બ્લોક નં. ૧૧/૧૨, ૩ જો માળ, ઉદ્યોગભવન, સેકટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૭
ફોન: ૦૭૯-૨૩૨૪૦૧૫૦-૨-૪, ફેક્સ: ૦૭૯-૨૩૨૪૮૪૪૩,
Email- ceo@dholerasir.com Website: www.dholerasir.com

**<u>પેટા કચેરી ધોલેરાનું સરનામું</u>**
ધોલેરા સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી,
ઠે. ગ્રામ પંચાયતની કચેરી કમ્પાઉન્ડમાં, મુ. ધોલેરા, તા. ધંધુકા, જિલ્લો-અમદાવાદ.

**કે. બી. પાનખાનીઆ,**
મુખ્ય નગર નિયોજક,
ડીએસઆઇઆરડીએ, ગાંધીનગર.

**કે. ડી. ચંદનાણી,**
મુખ્ય કારોબારી અધિકારી,
ડીએસઆઇઆરડીએ, ગાંધીનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.